**<u>રાજકોટના મહે. ૧૦મા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.રાજકોટ</u>**

**<u>ક્રિમીનલ કેસ નં. ૮૩૫૦ /૨૦૨૦</u>**

<u>આંક – ૧૫</u>

ફરીયાદી:– ધી સ્ટેટ ઓફ ગુજરાત

<u>વિરૂધ્ધ.</u>

આરોપી:–

(૧) સુભમ મનોજભાઈ મુલીચાણા

(૨) જયેશ ધનસુખભાઈ કોલી

(૩) જય જગદીશભાઈ રાઠોડ

(૪) પરેશ રૂપશીંગભાઈ મુલીચાણા

**ગુનો :– <u>ઈ.પી.કો.કલમ – ૨૬૯ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ</u>**

**<u>–: ઠરાવ :–</u>**

૧. આ કામની ફરીયાદ હકીકત આરોપીને વાંચી, સંભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ કરેલ છે. આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી.

૨. આરોપીએ સ્વૈચ્છાથી ગુન્હાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને દયાની માંગણી કરેલ છે અને જણાવેલ છે કે પ્રથમ ગુન્હો છે અને કુટુંબનો ભરણ પોષણનો આધાર આરોપી પર છે.

૩. કેસની હકીકત, આરોપીના અર્થીક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ગુજરાત રાજય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં.૭૦૯) માં ઠરાવેલ સિધ્ધાંતોને લક્ષમાં લઈ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**<u>–: હુકમ :–</u>**

આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી દરેક આરોપીને ઈ.પી.કો.કલમ–૨૬૯ ના ગુના સબબ રૂા.૧૦૦/– તથા તથા જી.પી. એકટની કલમ–૧૩૫ ના ગુના સબબ રૂા.૧૦૦/– મળી રૂા.૨૦૦/ લેખે (રૂા.૨૦૦ × ૪ ) કુલ રૂા.૮૦૦/– (અંકે રૂપિયા આંઠસો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો દરેક આરોપીને દિન–૨ ની સાદી કેદની સજા ફરમાવુ છું.

હુકમ આજરોજ લોક અદાલતના સ્પે. સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૬/૦૬ /૨૦૨૨
રાજકોટ.

( એમ. જી. શાહ )
દસમાં એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
રાજકોટ.
(જીજે ૦૦૯૬૨)